| PUBLICATION NAME : | Manav Mitra |
| --- | --- |
| EDITION : | Ahmedabad |
| DATE : | 08/08/2023 |
| PAGE : | 02 |

# એમેઝોને ગુજરાતથી નિકાસને વેગ આપવા માટે 'ઈડીઆઈઆઈ' તથા ગુજરાત સરકાર સાથે ભાગીદારી કરી

વડોદરા,

નેશનલ હેન્ડલૂમ ડે નિમિત્તે, એમેઝોન ઈન્ડિયાએ આજે ઈ-કોમર્સ નિકાસને વધારવામાં મદદ કરવા માટે આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) અને ગુજરાત સરકારના કુટિર અને ગ્રામીણ ઉદ્યોગ વિભાગ સાથે સમજૂતી કરાર (એમઓયુ) પર હસ્તાક્ષર કર્યા છે. વડોદરાના અકોટા સ્ટેડિયમમાં સ્ટેટ ક્રાન્ડ્સ એવોર્ડ્સ સેરેમની અને ઓડીઓપી એક્ઝિબિશન ખાતે એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા જેમાં રાજ્યના ઉદ્યોગ, સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ, કુટિર, ખાદી અને ગ્રામીણ ઉદ્યોગ, નાગરિક ઉડ્ડયન, શ્રમ અને રોજગાર બાબતોના માનનીય પ્રધાન શ્રી બળવંતસિંહ રાજપૂત, સહકાર, મીઠા ઉદ્યોગ, પ્રિન્ટીંગ અને સ્ટેશનરી, પ્રોટોકોલ (બધા સ્વતંત્ર ચાર્જ), સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો, કુટિર, ખાદી અને ગ્રામીણ ઉદ્યોગો, નાગરિક ઉડ્ડયન બાબતોના રાજ્યકક્ષાના માનનીય પ્રધાન શ્રી જગદીશ વિશ્વકર્મા, કુટિર અને ગ્રામીણ ઉદ્યોગ સચિવ અને કમિશ્નર શ્રી પ્રવીણ સોલંકી સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.